ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૭-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

# કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી

પાકિસ્તાન જેનું નામ. ક્યારેક એ હિંદુસ્તાનનો જ એક ભાગ હતું. લાહોર અને કરાચીમાં ભારતીય સંસ્કૃતિ અને વેપારવણજનો જ દબદબો હતો. ઇતિહાસે પડખું ફેરવ્યું અને અંગ્રેજો ગયા તો ખરા પણ દેશનાં બે ફાડચાં કર્યાં પછી જ નીકળ્યા. લોહીનું ટીપું ય વહાવ્યા વગર આઝાદી મળી હોવાનો દાવો કરવો વાજબી નથી. આઝાદી એ આ ઉપખંડની સૌથી મોટી ગમખ્વાર અને ખૂનરેજીભરી ઘટના હતી. મહાભારતના યુદ્ધમાં પણ નહીં થઇ હોય એટલી ખુવારી ભારત-પાકિસ્તાનના જુદારા ટાણે થઇ હતી. લોહીની નદીઓ વહી નીકળી હતી. ટ્રેનોની ટ્રેનો લાશો ભરીને આવવા લાગી એટલે ઉશ્કેરાયેલા શીખોએ અને બિહારીઓએ પણ મુસલમાનોની કતલેઆમ ચલાવી હતી. આ વેરનાં બીજ આટલાં વર્ષો પછી પણ જીવતાં રહ્યાં છે. અવારનવાર ફણગા ફૂટતા રહે છે અને અંગારા ઝરતા રહે છે. નવાઝ શરીફ પોતે સજ્જન અને અમનપરસ્ત નેતા હોઇ શકે છે. પરંતુ ભારતમાં વડાપ્રધાન પાસે જેવી સુવાંગ સત્તાઓ છે તેવી પાક વડાપ્રધાન પાસે નથી. એમને 'લોકશાહી' નામના શોભાના ગાંઠિયા તરીકે ગાદી પર બેસાડ્યાં છે પણ ખરી સત્તા તો પાક આર્મી અને કુખ્યાત જાસૂસી સંસ્થા આઇએસઆઇ ભોગવે છે. તેથી દાઉદ ઇબ્રાહિમ અને ઝકીર ઉર રહેમાન લખવી જેવા ભારતના દુશ્મનોની પાકિસ્તાનમાં માનવતાં મહેમાનો તરીકે ખાતર બરદાસ કરવામાં આવે છે. નવાઝ શરીફ અગાઉ પણ વડાપ્રધાન હતા જ ને! તત્કાલીન ભારતીય વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અમૃતસરથી બસમાં બેસીને લાહોર ગયા હતા. એ વખતના આર્મી ચીફ જનરલ મુશર્રફને નવાઝ શરીફની હિંદુસ્તાન સાથેની દોસ્તી સામે ચીડ હતી. આખરે નવાઝ શરીફને વડાપ્રધાનની ખુરશી પરથી ઉઠાડી મુકાયા હતા. પાકિસ્તાનના વડાપ્રધાન ભારતના વડાપ્રધાન સાથે ચર્ચા કરવાની દિશામાં આગળ વધે એ પહેલાં જ એમના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે બેઉ વડાપ્રધાનોને નાક કાપીને અપશુકન કરાવ્યા છે. બલુચિસ્તાનની આતંકવાદી ઘટનાઓ ભારતના ઇશારે થતી હોવાનો આક્ષેપ કરી એમણે કહ્યું છે કે પાક પાસે જે અણુશસ્ત્રો છે કે ફક્ત દેખાડા માટે નથી. જરુર પડ્યે એ ભારત સામે વાપરવામાં આવશે! આવી નાગાઇ કરનારા દેશ સાથે સામે ચાલીને વાટાઘાટો યોજવામાં કયું ડહાપણ છે? એણે ઘરાર એનું પોત પ્રકાશી દીધું છે. નવાઝ શરીફ એમના સંરક્ષણ પ્રધાનને સરખો નથી રાખી શકતા એ આર્મીના જનરલ કિયાનીને કઇ રીતે કાબૂમાં રાખી શકશે? ભારત સામે પાકિસ્તાન દર વખતે કાશ્મીરનો મુદ્દો ઉખેળતું રહ્યું છે. એ એના માટે હુકમનો એક્કો બની ગયેલ છે. કાશ્મીર ખાતે અગાઉ થતાં એના કરતાં મોદીરાજમાં પાક પરસ્તીના દેખાવો ઘણા વધુ પ્રમાણમાં થવા લાગ્યાં છે. અલગતાવાદીઓ પાકિસ્તાનના અને આઇસીસના ઝંડા લહેરાવતા ભર બજારે સરઘસ કાઢે છે. કાશ્મીરમાં પીડીપી-ભાજપની સંયુક્ત સરકાર છે, પરંતુ અલગતાવાદીઓ કાશ્મીર પર હિંદુસ્તાન કરતાં વધારે પાકિસ્તાનનો હક માને છે. એક નવો ફણગો ફૂટ્યો છે જેમાં પાક અધિકૃત 'આઝાદ કાશ્મીર'ના વજીરે આઝમ એમના પ્રાંતને પાકિસ્તાન પોતાનો ભાગ ગણી હડપ કરવા માગે છે એની સામેનો પુણ્યપ્રકોપ જોવા મળે છે. અલબત્ત, એથી હિંદુસ્તાને બહુ હરખાવાની જરુર નથી. એમની મૂળ માગણી તો કાશ્મીર દેશની છે. દેશમાં મોદી સરકાર આવ્યા પછી કાશ્મીર સરહદે છમકલાં વધ્યાં છે, આવી નાજુક સ્થિતિમાં પાકિસ્તાનનો ભરોસો થાય ખરો?

# તડકામાંથી તડકા જેવું પડશે જોજો, તડકો પોતે ખુલ્લી આંખે રડશે જોજો,

● સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે જાણીતા ગઝલકાર ધૂની માંડલિયાની 'ગઝલ પઠન' મહેફિલ....

માતૃભાષા ગુજરાતીને હરદિલમાં ધબકતી અને ધડકતી રાખવા તથા મા ગુર્જરીના સાહિત્યને જીવંત, મહેંકતું અને મધમધતું રાખવા કટિબદ્ધ એવી પાટનગરની એકમાત્ર સાહિત્ય સંસ્થા, ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા, તેના કાર્યક્રમ "સર્જકની કેફિયત" અંતર્ગત તા. ૧૨.૦૭.૨૦૧૫ ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગ્યે, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે, જાણીતા ગઝલકાર, નિબંધકાર, પત્રકાર અને કટારલેખક ધૂની માંડલિયા (શાહ અરવિંદભાઈ) ની ગઝલોનો, તેઓના સ્વરમાં - સ્વમુખે 'ગઝલ પઠન'નો કાર્યક્રમ, સંસ્થાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. તો આ ગઝલોનો, તેઓની આગવી શૈલી અને અનોખી બાનીમાં રસાસ્વાદ માણવા, નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો - ભાવકો તથા ગાંધીનગર સાહિત્ય સભાના સર્વે માનવતા સભ્યશ્રીઓનો આ સાહિત્ય મહેફિલમાં પધારવા જાહેર હાર્દિક નિમંત્રણ છે.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

- સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

પાટનગર - ગાંધીનગર પર લખાયેલ ગીતો પર કવિ સંમેલન યોજાશે...

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ છેલ્લા ૩૦ વર્ષોથી પાટનગરનો સ્થાપના દિન ઊજવે છે. આગામી બીજી ઓગસ્ટ, ૨૦૧૫ના દિને આવતા ગાંધીનગર પાટનગરના ૫૧ માં સ્થાપના દિનની ઉજવણીના પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે, ગાંધીનગર વિષે લખેયાલાં ગીતોને જે તે કવિના સ્વમુખે પઠનનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

ગાંધીનગર વિશે લખેલાં અથવા લખી શકે તેવા સૌ કવિમિત્રોને આ કવિ સંમેલનમાં પોતાની કૃતિ રજૂ કરવા આમંત્રણ છે. કવિઓ તેમની કૃતિ ફૂલસ્કેપ કાગળની એક બાજુએ ટાઇપ કરાવી અથવા સ્વચ્છ હસ્તાક્ષરમાં લખીને તા. ૨૫.૦૭.૨૦૧૫ સુધીમાં, ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણ બુચના સરનામે - ૨૨૦, અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ, સે-૨૦, ગાંદીનગર (ફોન નં. ૨૩૨૬૦૩૭૦, મો. ૯૮૨૫૦૧૮૧૩૪) ખાતે પહોંચાડવા વિનંતી કરવામાં આવે છે. કવિમિત્રોએ કૃતિની નીચે પોતાનું નામ, સરનામું તથા ફોન નંબર અવશ્ય જણાવવા વિનંતી છે. ગાંધીનગરના એક ગૌરવસમા આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવો, ગાંધીનગરના કવિમિત્રોને ગાંધીનગર શહેર વસાહત મંડળ અને ગાંધીનગર સાહિત્ય સભા હાર્દિક અનુરોધ કરે છે.

● સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમનો રજત મહોત્સવ યોજાયો

સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરન (સુજોસાફો)ને ૨૫ વર્ષ પૂર્ણ થતાં, તેનો રજત મહોત્સવ માતૃભાષા અભિયાન તથા ગુજરાતી સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે, ૨૧મી માર્ચ - ૨૦૧૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે યોજાઇ ગયો. જેમાં ઉદ્‌ઘાટન બેઠકમાં પી.જી. પટેલ આવકાર્યા અને સંયોજક સુમન શાહનું પ્રાસંગિક વકતવ્ય યોજાયું. મુખ્ય મહેમાન ગણેશ દેવીએ સુરેશ જોશી વિષે અને ભાગ્યેશ જહાએ સુરેશ જોષી તથા તેમના સાહિત્ય વિષે વાત કરીને સુજોસાફોની પ્રવૃત્તિને બિરદાવી. રાજેન્દ્ર પટેલે ફોરમનો પરિચય આપ્યો અને છાયા ત્રિવેદીએ આભાર દર્શન કર્યું.

● ગાંધીનગરમાં કાવ્યસત્ર-૫ યોજાયું

ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા ૯મી જૂન ૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે કાવ્યસત્ર-૫ નું આયોજન અતિથિ કવિ માધવ રામાનુજની ઉપસ્થિતિમાં થયું અને આ કાવ્યપર્વનું ઉદ્‌ઘાટન કવિ રામાનુજના 'શબ્દદીપ પ્રાગટ્ય'થી કરવામાં આવ્યું અને તે પછી, એક પછી એક ગાંધીનગરના ઘરદીવટાના - કવિઓના કાવ્યદીપ ઝળહળી ઊઠ્યા. તેના ઝબકતા અને ઝળહળતા તેજ લીસોટાને માણીએ.

● માધવ રામાનુજ : અંદર તો એવું અજવાળું ટળવળતી હોય
આંખ જેને જોવાને એ મીંચેલી આંખે જ
ભાળું.

● રજનીકાન્ત સથવારા : સાવ નક્કામી નથી સારીય છે એક રેખા
હાથમાં તારીય છે.

● નટવર હેડાઉ : વૃક્ષ તારી પાસે માંગુ નાનું એક વરદાન
દઈ દે.

● ડૉ. ધૈવત શુક્લ : તડકામાંથી તડકા જેવું પડશે જોજો.
તડકો પોતે ખુલ્લી આંખે રડશે જોજો.

● ભરત કવિ : કદી તીર વેગે છૂટી જાય શબ્દો
જૂઓ આંખ ત્યારે ખૂટી જાય શબ્દો.

● ડૉ. મુકેશ જોશી : એક ને એક બે એમ થઈ જાય તોય બહુ,
મારી મુલાકાત થઈ જાય તોય બહુ

● કિશોર જીકાદરા : ચૂંટો ત્યારે હાથ તમારો કેમ ધ્રૂજે છે!
અઘરા પ્રશ્નો કાયમ અમને ફૂલ પૂછે છે

● ફિલિપ કલાર્ક : કોઈ ગાંધીજી મળે તો કહેજો કે
સત્ય અને અહિંસાના માર્ગો પર
હવે અમે બાંધી દીધા છે ઓવરબ્રીજ

● પ્રજ્ઞા પટેલ : સવારે સૂર્ય ઊગે એ પહેલાંથી,
એમનો દિવસ ઊગી જાય છે.

● ધ્વનિલ પારેખ : કિસ્સો કહાની ને ઘણા તોફાન સર્જે છે.
તારો વિચાર માત્ર અકસ્માત સર્જે છે.

● કનૈયાલાલ ભટ્ટ : હીંચકે બેસીને કેવી વાંસળી મારી વગાડું છું
જિંદગીનાં દુઃખ સઘળાં રોજ એ રીતે ભગાડું છું

● પ્રવીણ ગઢવી : આંગણામાં ઊભું, સૂકું એક વૃક્ષ
હાડપિંજર જેવાં, ડાળાં-ડાખરાં એનાં,
પર્ણ દીન...

● દલપત પઢિયાર : આપણે તો આપણા મનના માલિક
આપણી તે મસ્તીમાં રહીએ,
વાયરા તો આવે ને જાય
આપણે તે શું કામ...

● ભાગ્યેશ જહા : પાદરમાં જોડેલા ગાડામાં લસલસતું
બચપન બેઠું છે આખા ગામનું,
હંધાય લોક ઊભા જીવતરના ઓટલે
ટાણું લાગે છે કસા કામનું

આ કવિ સંમેલનનું સંચાલન નિસર્ગ આહિરે સુપેરે કરી સર્વેને રસતરબોળ કરી દીધા હતા.

● 'કિરણ મહેતા' ને કેતન મુનશી પારિતોષિક

નર્મદ સાહિત્ય સભા, સુરત દ્વારા આ વર્ષે શ્રેષ્ઠ વાર્તાલેખન માટે 'કેતન મુનશી પારિતોષિક ૨૦૧૪' વાર્તાકાર કિરણ વી. મહેતા (પાલનપુર) ની વાર્તા 'ઉખડેલું વૃક્ષ'ને જાહેર થયું જેમાં પારિતોષિક રૂા. પચ્ચીસ હજાર અને સન્માનપત્ર નાનુભાઈ નાયકના અધ્યક્ષ સ્થાને અને રવિન્દ્ર પારેખના અતિથિ વિશેષ સ્થાને સર્જકને તા. ૩૦-૫-૨૦૧૫ ના રોજ સુરત ખાતે એનાયત થયું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. દક્ષા વ્યાસ અને ડૉ. રેખા ભટ્ટે સેવા આપી.

● વર્ષ ૨૦૧૪ના 'કુમાર ચંદ્રકો' જાહેર થયા.

દર વર્ષની માફક વર્ષ ૨૦૧૪ માટે શ્રેષ્ઠ લેખમાળા માટે કિશોર વ્યાસને 'કુમાર સુવર્ણચંદ્રક' નિમિષા દલાલને 'કુમાર લેખિકા પારિતોષિક' (શ્રીમતી કલમા પરીખ પારિતોષિક) તથા 'કુમાર આધ્યાત્મિક પારિતોષિક, ભૂપતરાય મો. ઠાકરને જાહેર થયા. આ ત્રણે પારિતોષિકના નિર્ણાયક તરીકે અનુક્રમે (૧) વિનોદ ભટ્ટ, ડૉ. ચંદ્રકાન્ત શેઠ (૨) શ્રદ્ધાબેન ત્રિવેદી તથા (૩) ધીરુ પરીખે સેવાઓ આપી હતી.

● કાવ્ય સેતુ : ન હોય...

આંખોની ઢળતી પાંપણો આમ અમસ્થી જ ભીની ન હોય!
ભીની ભીની લાગણીઓ વિણ, સ્નેહ તરબતર ન હોય!
વાદળો નભે બાખડ્યા વિણ, ચમકતી વીજળી ન હોય!
સૂરજને ઢાક્યા વિણ, કદાપિ દિશાઓ ધૂંધળી ન હોય!
જળ બિંદુઓ જામ્યા વિણ, કદાપી મેઘધનુષ ન હોય!
એ છે નર્યી દૃષ્ટિની આભા, ધરા-આભનું મિલન ન હોય!
હશે બીજે જ હાજરી, તે વિણ અહીં ગેરહાજરી ન હોય!
મેઘ વરસ્યાની ભીનાશવિણ, ધરતીની સોડમ ન હોય!
પ્રેમથી વિંચિત વિણ કદાપી આગશી જલન ન હોય!
હૃદયે ખળભળતાં મોજાં વિણ, દધિ કદાપી ઘૂઘવતો ન હોય!
ધોમધખતા તાપ વિણ, કદાપિ વર્ષાગમન ન હોય!
કયાંક આગ પ્રજળ્યા વિણ ગૌરંભાતો ધૂમાડો ન હોય!
જખ્મો થયા વિણ કદાપિ લાહી નીગળતી ન હોય

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

# વધતી જતી વસ્તીની સમસ્યા પ્રત્યે લાલબત્તી ધરવા માટે 'વિશ્વ વસ્તીદિન'ની ઊજવણી કરાય છે

વિશ્વ જનસંખ્યા દિન એ એક વાર્ષિક ઉજવણી છે, જે દર વર્ષે ૧૧ જુલાઈએ મનાવવામાં આવે છે, આ ઉજવણી વિશ્વમાં વસ્તીવધારાની સમસ્યા પ્રત્યે લોકજાગૃતી આવે તે માટે કરાય છે. આ ઉજવણીની શરૂઆત સંયુક્ત રાષ્ટ્રસંઘનાં 'સંયુક્તરાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ ની સંચાલન પરિષદ દ્વારા ૧૯૮૯માં કરવામાં આવેલ. લગભગ જુલાઈ ૧૧ ૧૯૮૭નાં દિવસે વિશ્વની જનસંખ્યા ૫ અબજને પાર કરી ગયેલ, જે દિવસ 'પાંચ અબજ દિન તરીકે ઓખાવાયો, અને આ દિવસથી પ્રેરીત થઈ જનહીતમાં આ ઉજવણી કરાય છે.

હાલમાં સમગ્ર દુનિયાની વસ્તી ૭ અબજ ૨ કરોડ જેટલી છે. ભારતમાં કુલ વસ્તી ૧.૨ અબજ એટલે કે અમેરિકા, જાપાન, પાકિસ્તાન, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ અને બાંગ્લાદેશ જેવા દેશોની કુલ વસ્તીની સમકક્ષ છે. આવી સ્થિતિમાં હવે જન્મી રહેલાં બાળકો સામે અનેક સમસ્યાઓ આવશે... વિશ્વ વસ્તી દિન નિમિત્તે એક બાળક સામે આવનારી સમસ્યાઓ, પડકારો અને તેના ઉકેલ જાણવા પર એક પ્રયાસ કરવામાં આવે છે.

ભારતની વસ્તીગણતરીનો હંગામી અહેવાલ સેન્સસ૨૦૧૧ જારી કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ પ્રમાણે, ભારતની વસ્તી ૧ અબજ ૨૧ કરોડ (૧૨૧૦.૨ મિલિયન) થઈ છે. સેન્સસ૨૦૧૧ પ્રમાણે, દેશમાં પુરુષોની સંખ્યા ૬૨ કરોડ ૩૭ લાખ અને મહિલાઓની સંખ્યા ૫૮ કરોડ ૬૫ લાખ છે. સ્ત્રીપુરુષોનો અનુપાત નવા સેન્સસ રિપોર્ટ પ્રમાણે ચિંતા ઉપજાવે તેવો છે. આ અહેવાલ પ્રમાણે, લૈંગિક અનુપાત સંદર્ભે ભારતમાં ખરાબ સ્થિતિ છે. સેન્સસ રિપોર્ટ પ્રમાણે, ૧૯૯૧થી ૨૦૦૧ના દાયકામાં ૨૧.૧૫ ટકાનો વસ્તી વધારો થયો હતો. તેની સરખામણીએ ૨૦૦૧૨૦૧૧ના દાયકામાં વસ્તી વધારાના દરમાં ઘટાડો થયો છે. તેના પ્રમાણે, ૨૦૦૧ થી ૨૦૧૧ વચ્ચે ૧૭.૬૪ ટકા વસ્તીનો વધારો થયો છે.

ભારતની વસ્તી અમેરિકા, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ, પાકિસ્તાન અને બાંગ્લાદેશની સંયુક્ત વસ્તી જેટલી થવા જાય છે. ઉત્તર પ્રદેશ વસ્તીની દ્રષ્ટિએ ભારતનું સૌથી મોટું રાજય છે. જયારે ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની સંયુક્ત વસ્તી અમેરિકાથી વધારે છે. દાદરાનગર હવેલી અને પોંડીચેરીમાં સૌથી વધારે ૫૫ ટકાનો વસ્તી વૃદ્ધિનો દર રહયો છે, જયારે નાગાલેન્ડમાં વસ્તી વૃદ્ધિનો દર સૌથી ઓછો રહયો

## આજે વિશ્વ જન સંખ્યા દિન

- સમયસર

છે. દિલ્હીમાં વસ્તીની ઘનતા સૌથી વધારે છે, ત્યાર પછીના ક્રમે ચંદીગઢ આવે છે. ૨૦૧૧ના સેન્સસ રિપોર્ટ પ્રમાણે, આઝાદી બાદ સૌથી ઓછો સેક્સ રેશિયો સામે આવ્યો છે. ભારતમાં ૧૦૦૦ પુરુષોએ ૯૧૪ મહિલાઓનું પ્રમાણ છે. ૧૮૭૨થી ભારતમાં સેન્સસ થઈ રહ્યો છે અને સેન્સસ૨૦૧૧ ભારતનો ૧૫મો સેન્સસ છે. ભારતના ૬૪૦ જિલ્લાઓ અને ૫૯૨૪ તાલુકાઓમાં સેન્સસ૨૦૧૧ બે તબક્કામાં કરવામાં આવ્યો હતો. વસ્તીગણતરીની સમગ્ર કવાયતમાં ૨૨ હજાર મિલિયનનો ખર્ચો થયો છે.

ગુજરાતની સાથે સાથે ભારતની વસતીમાં પણ વધારો થયો છે. માર્ચ૨૦૧૫ના રોજ ભારતની વસતી વધીને ૧.૨૮ અબજ થવા જાય છે, જે ૨૦૧૪માં ૧.૨૭ અબજ હતી. દર વર્ષે સરેરાશ એક કરોડ લોકોનો ઉમેરો થાય છે. જો કે ભારતનો સેક્સ રેશિયો ગુજરાત કરતાં વધારે છે. ભારતમાં પ્રતિ એક હજાર પુરૂષે ૯૪૩ સ્ત્રી છે. પોપ્યુલેશનના પ્રોજક્શન રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે ભારતમાં મહિલા વસતીની સંખ્યા ૬૨.૪૬ કરોડ થઈ છે જેની સામે પુરુષ વસતી ૬૫.૮૦ કરોડ છે. સીધી ગણતરી કરીએ તો એક મિનિટમાં ભારતમાં ૫૧ નવા બાળકો જન્મ લે છે. નવા આંકલન પ્રમાણે ૫૦ ટકા વસતી ૨૫ વર્ષની વયની છે જયારે ૬૫ ટકા વસતી ૩૫ વર્ષની નીચેની વયની છે.

સૌથી વધુ વસતી ધરાવતા રાજયનો દરજ્જો આજે પણ ઉત્તરપ્રદેશે જાળવી રાખ્યો છે. ભારતમાં આજે પણ ૭૨.૦૨ ટકા વસતી ૬.૩૮ લાખ શહેરોમાં વસે છે જયારે ૨૭.૦૮ ટકા વસતી ૫૪૮૦ શહેરોમાં વહેંચાયેલી છે.

૨૦૧૧ની છેલ્લી વસતી ગણતરી પ્રમાણે ગુજરાતની વસતી ૬.૦૩ કરોડ નોંધવામાં આવી હતી, હવે રાજયના પોપ્યુલેશન પ્રોજક્શન રિપોર્ટ માર્ચ૨૦૧૫માં ગુજરાતની વસતી ૬,૫૧,૦૫,૨૩૭ થઈ છે. એટલે કે આપણે સાડા છ કરોડ થઈ ગયા છીએ. ૨૦૧૪માં રાજયની વસતી ૬.૩૮ કરોડ હતી. એનો અર્થ એ થયો કે એક વર્ષમાં ૧૩ લાખનો વસતી વધારો થયો છે. સાડા છ કરોડની વસતી સાથે ગુજરાત વસતી વધારા સાથે ભારતનું દસમું મોટું રાજય બની ચૂક્યું છે. આજે પણ અમદાવાદ એ સૌથી વધુ વસતી ધરાવતું રાજયનું પહેલું શહેર છે. તે પછી સુરત, વડોદરા અને રાજકોટનો ક્રમ આવે છે. ૨૦૧૫માં અમદાવાદની વસ્તી ૫૬,૩૩,૯૨૭ જેટલી થઈ છે એટલે કે છેલ્લાં ચાર વર્ષ દરમિયાન અમદાવાદ શહેરની વસ્તીમાં ૬૩,૩૪૨નો વધારો નોંધાયો છે.

સમગ્ર વિશ્વમાં દર મિનિટે ૧૫૦નો અને સમગ્ર ભારતમાં દર મિનિટે ૨૯નો વસ્તીવધારો થાય છે. આમ બીજી રીતે જોવામાં આવે તો સમગ્ર વિશ્વમાં દર મિનિટે જન્મતા પ્રતિ પાંચ બાળકોમાં એક ભારતીય બાળક જન્મે છે. હાલમાં વિશ્વની વસ્તીવધારાનો દર છે એ મુજબ સમગ્ર વિશ્વમાં પ્રતિદિનના પ્રતિમિનિટે ૧૫૦ લેખે પ્રતિકલાકે ૯૦૦૦ અને પ્રતિદિનના ૨,૧૬,૦૦૦ પ્રતિસપ્તાહના ૧૫,૧૨,૦૦૦ અને પ્રતિમાસના ૬૪,૮૦,૦૦૦ તથા પ્રતિવર્ષે વિશ્વમાં ૭,૮૮,૪૦,૦૦૦ નવાં બાળકોનો જન્મ થાય છે. એનો સીધો અર્થ એટલો કે સમગ્ર વિશ્વમાં વર્ષે દહાડે અંદાજે આઠ કરોડ નવાં બાળકો જન્મ લે છે.

વધતી જતી વસ્તીની સમસ્યા પ્રત્યે લોકજાગૃતિ ભી કરવા માટે તેમજ પ્રજાનું ધ્યાન કેન્દ્રિત કરવાના આશયથી 'વિશ્વ વસ્તીદિન ની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી નીમીતે સૂત્ર આપવામાં આવે છે તદઅનુસાર 'ખુશાલીનો આધાર નાનો પરિવાર, તરૂણીઓની સગર્ભા અવસ્થા સામે અંગૂલિનિર્દેશ જેવા સુત્રો આપવામાં આવ્યા હતા. વિશ્વ જન સંખ્યા દિનનું આ વર્ષનું સૂત્ર છે. 'કટોકટીમાં સંવેદનશીલ વસ્તી.

વિશ્વમાં કૂદકેને ભૂસકે વધતી જતી દુનિયાની વસ્તી સામે લાલબત્તી ધરવા માટે "વિશ્વ વસ્તીદિન"ના રોજ લોકજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં કુટુંબ નિયોજનની વિવિધ પદ્ધતિઓનો પ્રચાર અને જનજાગૃતિ અંગેના કાર્યક્રમો યોજાય છે. લાંબાગાળાના કાર્યક્રમોમાં જનસંખ્યા સ્થિરતા પખવાડિયા અંતર્ગત પ્રદર્શન, સાહિત્ય વિતરણ, હેલ્થ મેલા અને કાઉન્સિલિંગ જેવી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. "વિશ્વ વસ્તી દિનની ઉજવણીના ભાગરૂપે રેલી, શિબિરો, શાળાકોલેજમાં આરોગ્યલક્ષી કાર્યક્રમો, નાટક, ડાયરા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો ટી.વી. રેડીયો કાર્યક્રમ, સાહિત્ય વિતરણ, બેનર પત્રિકા, હોર્ડીંગ, ગૃહ મુલાકાત વગેરે કાર્યક્રમો યોજાય છે. પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત ધાર્મિકવૃત્તિના ભારતીયોમાં પુત્ર સંતાનની ઘેલછા હોય છે. ત્યારે એક અથવા બે દીકરીના જન્મ બાદ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવનાર દંપતીઓનું જાહેર સન્માન પણ કરવામાં આવે છે.

# 'અધિક'નું ફળ અધિક : હરિ તારા નામ છે હજાર!

## પ્રસંગસર

- રશ્મિકાન્ત મહેતા

પિતામહ ભીષ્મ બાણશૈયા પર સૂતા હતા અને દક્ષિણાયન પૂરું થાય એટલે દેહત્યાગની પ્રતિક્ષા કરતા હતા. ધર્મરાજ યુધિષ્ઠિર એમની પાસેથી માનવધર્મ અને જીવન વ્યવહારનું જ્ઞાન મેળવી રહ્યા હતા. યુધિષ્ઠિર પ્રશ્ન કરે અને ભીષ્મ ઉત્તર વાળે, યુધિષ્ઠિરે પ્રશ્નો કર્યો - 'આ જગતમાં એક મુખ્ય દેવ કોણ છે, જેનું સ્તવન કરવાથી મનુષ્ય દુઃખોને તરી જઈને કલ્યાણને પામે છે?' પિતામહે જવાબ આપ્યો કે ભગવાન વિષ્ણુની સહસ્ત્રનામ વડે સ્તુતિ કરવાથી દુઃખ મુક્તિ અને કલ્યાણ પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી પિતામહે ધર્મરાજને સ્તોત્ર વિષ્ણુ સહસ્ત્રનામ સંભળાવ્યું. મહાભારતના અનુશાસન પર્વ (અધ્યાત્મ-૧૩૯) નો આ પ્રસંગ છે.

લોકમાં ખરેખર તો એ મહિનો મળ માસ તરીકે નિંદિત હતો. તેણે ભગવાન પુરુષોત્તમનું શરણ લીધું. ભગવાને એને પ્રશ્ન થઈને પોતાનું નામાભિધાન આપી દીધું એમ એની મહત્તામાં બાકીના બાર મહિના કરતાં અધિક પ્રતિષ્ઠા કરી; તેથી હવે તે પુરુષોત્તમ માસ અથવા અધિક માસ તરીકે પ્રતિષ્ઠિત થયો, બૃહન્નારદીય પુરાણના ૩૦ અધ્યાયોમાં આ પુરુષોત્તમ માહાત્મ્ય દર્શાવાયું છે.

ભાગવત સારસમુચ્ચદમાં શ્રીમદ્ વૈશ્વાનરનું રચેલું પુરુષોત્તમ સહસ્ત્રનામ પણ મળે છે.

પુરુષોત્તમ માસમાં આથી વિષ્ણુ સ્તવનનો અપાર મહિમા છે. બીજા મહિનાઓ કરતાં આમાં ફળપ્રાપ્તિ અધિક છે. પિતામહ ભીષ્મનું અભયવચન છે કે સહસ્ત્રનામનો પાઠ કરે કે શ્રવણ કરે તેનું આ લોક કે પરલોકમાં અશુભ થતુ નથી.

હિન્દુ ધર્મ ઉદાર અને તેથી અનુકૂળ પ્રધાન છે. વિષ્ણુ સહસ્ત્રનામના પાઠ સમયે; સમયની અનુકૂળતા ન હોય, તો એના વિકલ્પો પણ છે : તે આ રીતે -

(૧) નારાયણ અષ્ટોત્તરશત નામસ્તોત્ર - આ સ્તોત્રમાં વિષ્ણુના ૧૦૮ નામો છે.

(૨) વિષ્ણો : શતનામ સ્તોત્ર - આમાં વિષ્ણુના ૧૦૦ નામો છે. વિષ્ણુપુરાણમાં આનો સમાવેશ થાય છે.


(૩) વિષ્ણો : અષ્ટાવિશતિનામ સ્તોત્ર : આમાં વિષ્ણુના ૨૮ નામો છે.

(૪) વિષ્ણો : ષોડશનામ સ્તોત્ર - આમાં વિષ્ણુના ૧૬ નામો છે.

(૫) વિષ્ણો : અષ્ટનામ સ્તોત્ર - આમાં વિષ્ણુના ૮ નામો છે. માનવપુરાણમાં આનો સમાવેશ છે.

આ સૌ માં વિષ્ણો : ષોડશનામ સ્તોત્રમ્ સવિશેષપણે નોંધપાત્ર છે. કારણ કે (૧) તેમાં વિષ્ણુના ૧૬ નામો છે. તેમાં આ નામો કયારે બોલવાં એની સૂચના છે. કોઇ પણ નામ સ્તોત્રમાં આ પ્રકારની સૂચના હોતી નથી. (૨) એકદમ સરળ ભાષામાં, કંઠસ્થ થઈ શકે તેવું સ્તોત્ર છે. (૩) માત્ર પાંચ જ શ્લોકનું આ સ્તોત્ર પાંચ શ્લોકમાં ૧૬ નામો અને તેના વિનિયોગનો નિર્દેશ છે.

સ્તોત્ર આ પ્રમાણે છે :
ઔષધે ચિંતયેદ્ વિષ્ણું ભોજને ચ જનાર્દનમ્ ।
શયને પદ્મનાભં ચ વિવાહે ચ પ્રજાપતિમ્ ॥ ૧ ॥
યુદ્ધે ચક્રધરં દેવં પ્રવાસે ચ ત્રિવિક્રમમ્ ।
નારાયણં તનુ ત્યાગે શ્રીધરં પ્રિયસંઘ મે ॥ ૨ ॥
દુઃસ્વપ્ને સ્મર ગોવિંદ સંકટે મધુસૂદન ।
કાનને નારસિંહં ચ પાવકે જલશાયિનમ્ ॥ ૩ ॥
જલ મધ્યે વરાહં ચ પર્વતે રઘુનંદનમ્ ।
ગમને વામનં ચૈવ સર્વકાર્યેષુ માધવમ્ ॥ ૪ ॥
ષૌડશૈતાનિ નામાનિ પ્રાતરુત્થાય યઃ પઠેત ।



સર્વપાપ વિનિર્મુકતો વિષ્ણુલોકે મહીયતે ॥ ૫ ॥

વિષ્ણુના કયા નામનું સ્મરણ કયારે કરવું?

(૧) ઔષદ લેતી વખતે વિષ્ણુનું (૨) ભોજન લેતાં પહેલાં જનાર્દનનું (૩) સૂતી વખતે પદ્મનાભનું (૪) વિવાહ સમયે પ્રજાપતિનું (૫) યુદ્ધ પ્રારંભે ચક્રધર દેવનું (૬) પ્રવાસ સમયે ત્રિવિક્રમનું (૭) દેહ છૂટતો હોય ત્યારે નારાયણનું (૮) પ્રિયજન સાથે મિલન થાય ત્યારે શ્રીધરનું (૯) ખરાબ સ્વપ્ન સમયે ગોવિન્દનું (૧૦) સંકટ સમયે મધુસૂદનનું (૧૧) ગાઢ જંગલમાં પસાર થતાં નારસિંહનું (૧૨) અગ્નિની ઝાળ લાગે ત્યારે જલશાયીનું (૧૩) જળમાં ડૂબવાનું થાય તો વરાહનું (૧૪) પર્વત ઉપર ચઢાણ કે ઉતરાણ સમયે રઘુનંદનનું (૧૫) પ્રસ્થાન સમયે વામનનું (૧૬) બધાં કાર્યોમાં માધવનું.

સવારે ઊઠીને આ સોળ નામો જે કોઈ બોલશે તે આ જન્મમાં બધા પાપોમાંથી છૂટી જશે અને મરણ પછી વિષ્ણુ લોકમાં ગૌરવભર્યું સ્થાન પામશે.

આ સોળ નામોમાંથી ચૌદ નામો વિષ્ણુસહસ્ત્રનામમાં છે : (૧) વિષ્ણુ-૨, ૨૫૮, ૬૫૭, (૨) જનાર્દન - ૧૨૬ (૩) પદ્મનાભ - ૪૮, ૧૯૬, ૩૪૬, (૪) પ્રજાપતિ - ૬૯, ૧૯૭, (૫) ચક્રધર - ૯૦૮, ૯૯૫ (૬) ત્રિવિક્રમ - ૫૩૦, (૭) નારાયણ - ૨૪૫ (૮) શ્રીધર - ૬૧૦ (૯) ગોવિન્દ - ૧૮૭ (૧૦) મધુસૂદન - ૭૩ (૧૧) નારસિંહ -૨૧ (૧૨) રઘુનંદન - ૩૯૪ (૧૩) વામન - ૧૫૨ (૧૪) માધવ - ૭૨, ૧૬૭, ૭૩૫

જળશાયીનો સમાવેશ વિષ્ણુશતનામાં છે.

વરાહનો સમાવેશ વિષ્ણુ અષ્ટાવિંશતિનામ અને વિષ્ણુ શતનામમાં છે.

આ સોળ નામોમાંથી કયારે કોનું સ્મરણ કરવું - એ સ્તોત્રનો નવતર અને મૌલિક અભિગમ છે. એનું કારણ શું હોઈ શકે, એનું અનુમાન થઈ શકે તેમ છે. (૧) વૈદ્ય વિષ્ણુ સ્વરુપ છે. વૈદ્યો નારાયણો હરિ : તેથી ઔષધિ પહેલાં વિષ્ણુ સ્મરણ (૨) ભોજન દ્વારા પ્રત્યેક જનનું પાલન કરે છે, તેથી ભોજનપૂર્વ જનાર્દન (૩) નાભિમાં પદ્મ હોય ત્યારે વિષ્ણુશનય સ્થિતિમાં છે. તેથી સૂતી વખતે પદ્મનાભ (૪) પ્રજાપતિનું કાર્ય પોષણ અને રક્ષણનું છે. પરિવારમાં પોષણ અને રક્ષણનું કામ બંને વરવધૂ એ કરવાનું છે. એથી વિવાહ સમયે પ્રજાપતિ (૫) યુદ્ધ જેવી સ્થિતિમાં રક્ષણ માટે અમોઘ શસ્ત્રની જરુર પડે. તેથી યુદ્ધ સમયે ચક્રધારીનું (૬) વામન સ્વરુપે ત્રણ પગલામાં ત્રણ લોક ફરી વળ્યા હતા તેથી પ્રવાસમાં ત્રિવિક્રમ (૭) અક્ષમિલે માત્ર મૃત્યુ સમયે નારાયણનું સ્મરણ કર્યું અને વિષ્ણુલોકને પામ્યો તેથી મૃત્યુ સમયે નારાયણ (૮) વિષ્ણુ સુખની સ્થિતિમાં પણ ભૂલવાના નહિ. પ્રિયજનનો સંગતિ હોય ત્યારે સૌભાગ્યને ધારણ કરતા શ્રીધર (૯) ખરાબ સ્વપ્નની ચિંતા હોય તો ગોવિન્દ. એ આપણી ઈન્દ્રિયોને જાણે અને નિયમનમાં રાખે. (૧૦) ત્રણેય લોક માટે સંકટ રુપ અસુર મધુને જેણે માર્યો હોય તે આપણું સંકટ દૂર ન કરી શકે? સંકટ હોય ત્યારે મધુસૂદન (૧૧) નૃસિંહ સ્વરુપમાં સિંહ પણ છે. ગાઢ અરણ્યમાંથી પસાર થવાનું હોય તો નારસિંહ (૧૨) વનવાસ દરમિયાન રામે પર્વતાળ વિસ્તારો પર પ્રભુત્વ મેળવ્યું હતું તેથી આ પ્રકારની આપત્તિમાં રામસ્મરણ (૧૩) પ્રસ્થાન માટેનું ગમન શરું થાય એટલે વામન. તેણે ત્રણ પગલામાં ગતિમાં ત્રણ લોક પસાર કર્યા છે. (૧૪) માધવ લક્ષ્મીના, સૌભાગ્યના સ્વામી છે, કોઈ પણ કાર્યને પ્રારંભે માધવ સ્મરણ (૧૫) અગ્નિનું એક માત્ર શમન જળ છે. એટલે આગની ઘટના વખતે જળ ઉપર પ્રભુત્વ વાળા જયશાયી (૧૬) વરાહ સ્વરુપમાં વિષ્ણુએ સમુદ્રમાંથી પૃથ્વીને બહાર કાઢી હતી; તેથી જળમાં ડૂબવાનું સંકટ હોય તો વરાહ સ્મરણ.

અધિક ફળ આપનારો અધિક માસ પૂરો થવા આવ્યો છે ત્યારે સંક્ષેપમાં અસરકારક રીતે વિષ્ણુ સ્મરણની તક પૂરી પાડતું આ સ્તોત્ર યાદ રાખવા જેવું ખરું.